## હા... સાહેબ !

"જોયું ને ધમાધમ..?!"

"કઈ ધમાધમની વાત કરો છો..?! દિવસવાળી કે રાતવાળી..?!"

"એટલે..?! દિવસે 'કમલમ્' પર અને રાત્રે 'કોંગ્રેસભવન' ઉપર..!! કેવી ભવાઈ ચાલે છે ભવાઈ..!"

"હં...અ..! એમાં કોને વખાણીએ અને કોને વખોડીયે..?! કોંગ્રેસમાં કકળાટ છે..! અને ભાજપમાં ભાંજગડ છે..!'.

"હું તો સીધી સાદી વાત કરૂ..! વધતી અપેક્ષાઓનું આ પરિણામ છે..!! બેઠકો ૧૮૨ છે અને ઉમેદવારોનો રાફડો છે..!! એટલે આ જ થાય... ખેંચાખેંચી-મારામારી - ગાળાગાળી..! હવે તો શરમ આવે છે શરમ કે આવા નેતાઓ આપણા રાજ્યના કાયદા ઘડશે..!!"

"એટલા બધા નિરાશ ના થાઓ... સાવ ખરાબ પણ નથી... આવું તો થોડું ઘણું ચાલ્યા જ કરે... મન મોટુ રાખો... રાજકારણમાં પણ સજ્જન અને સંનિષ્ઠો છે..!!"

"ના... રે...ના..! કેટલી હદ સુધી રાજકારણ ચાલ્યું છે..! જુઓ તો ખરા..!! એક સંસદ સભ્ય પોતાના દિકરાને જો ટીકીટ નહીં મળે તો રાજીનામાની ધમકી આપે..!! બીજો સંસદ સભ્ય પત્નીને ટીકીટ નહીં મળે તો પોતે અપક્ષ લડશે..!! એક મંત્રીને પુનઃ ટીકીટ મળી તો તેના સગા મોટાભાઈએ સામે ઉમેદવારી નોંધાવી..!! ક્યાં જઈને અટકશે..?!"

"હા... હા... એ તો ચાલે..! પતિ-પત્ની સામ સામે લડ્યા છે..! ભાઈ-બહેન સામ સામે લડ્યા છે... એ તો આપણા રાજકીય ઈતિહાસમાં છે..! આ નવી નવાઈ ઓછી છે..?! અને હજુ તો જોજો..."

"... શું જોવાનું બાકી છે..?! જેમ જેમ ઊંડા જઈએ છીએ તેમ તેમ ગંદકી વધારે અનુભવાય છે..!! કોણ કોને પૈસા આપી કોઈકના ત્યાં ઉશ્કેરાટ ફેલાવે છે..! કોણ કોની સાથે છે... અને કોણ કોની સાથે છે છતાંય નથી..!! આ સમીકરણો સમજીએ ત્યારે તો ચક્કર આવે છે ચક્કર..!!"

"અરે સાહેબ... આમ ચક્કર આવે પાલવે નહી..! ક્યાં કેટલો કકળાટ થયો એની તુલના જ ના કરવી..! આ હોબાળા અને બખારો બે-ત્રણ દિવસમાં શમી જશે..! અને ઘી ના ઠામમાં ઘી રહેશે..!!"

"એટલે એનો અર્થ એવો થયો કે શાંતિ પહેલાનો કકળાટ છે..?! માખણની અપેક્ષાએ આ બધુ વલોવાય છે..! સારા પરિણામો માટેનો આ સંઘર્ષ છે એમ જ ને..?!"

"ઓ...હો...હો...હો..! વાતવાતમાં તમે તો ક્યાં ફીલોસોફી પર પહોંચી ગયા..?! આવું અઘરૂ અઘરૂ ના હોય..! આ તો મહિનો દોઢ મહિનો મઝા લેવાની..! સમજણ પડે એટલી પાડવાની બાકીનું છોડી દેવાનું..!!"

"અં...હ... એટલે તમે એને મનોરંજન ગણો છો..?! આ તો મનોમંથનનો સમય છે..! કોણ સાચું છે ને કોણ ખોટું છે તે તારવવાનો સમય છે..! કોનામાં ક્ષમતા છે નેતૃત્વની અને કોનામાં ક્ષમતા છે વક્તૃત્વની..?! આ અનુભવવાની મોસમ છે..! કોણ આપણું છે અને

● અનુસંધાન પાન-૫ પર



ચૂંટણી તંત્રમાં ધમધમાટ - જિલ્લાની પાંચેય બેઠકો માટે જાહેરનામુ પ્રસિદ્ધ થયાની સાથે જ ચૂંટણી તંત્રમાં ધમધમાટ જોવા મળ્યો હતો... કલેક્ટર કચેરી ખાતે દિવસ દરમિયાન વિવિધ વિભાગની બેઠકો યોજાઈ હતી... પાંચેય વિધાનસભા માટે નિમાયેલા નિરીક્ષકો, ખર્ચ નિરીક્ષકો સહિતના ઉચ્ચ અધિકારીઓ સાથે પરામર્શ યોજાયો હતો....

# આયાતી ઉમેદવાર હરગીજ મંજૂર નથી પંચાયતના સભ્યોએ નેતાઓને સ્પષ્ટ કહી દીધુ

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર (દ) બેઠક પર જો આયાતી ઉમેદવાર મુકવામાં આવશે તો ૧૫ થી વધુ જિલ્લા-તાલુકા પંચાયતના સદસ્યો રાજીનામા ધરી દેશે.

આજે પંચાયતના ચૂંટાયેલા સભ્યોની જિલ્લાના કોંગી વડીલોની હાજરીમાં મળેલ બેઠકમાં આ નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો. આ સભ્યોએ ખૂબજ આક્રમકતા સાથે રજુઆત કરી હતી કે જે ૧૨ જેટલા ઉમેદવારોએ ટિકિટની માંગણી કરી છે તેમના સિવાયના ગઈકાલે પ્રવેશ કરનારાઓને ટિકિટ ફાળવણી કરવામાં આવશે તો અમારી પાસે રાજીનામા સિવાયનો કોઈ વિકલ્પ છે જ નહિ.

બહારથી પક્ષમાં જોડાયેલા આગેવાનો બેનરો અને પોષ્ટરો લગાવી ટિકિટ પક્ષની માંગતા હોય તો તે સ્હેજ પણ મંજૂર નથી અમે

● અનુસંધાન પાન-૫ પર

# છેલ્લા પાંચ વર્ષમાં ભાજપને મળ્યું ૮૦.૪૫ કરોડનું દાન

**ભાજપને સૌથી વધુ ૨૧૮૬ દાતાઓએ દાન આપ્યું જ્યારે કોંગ્રેસને ૫૩ દાતાઓએ મળીને ૧૪.૦૯ કરોડનું દાન આપ્યું : દાન આપવામાં ટોરેન્ટ ગૃપ મોખરે : સીપીએમ તથા બીએસપીને ગુજરાતમાંથી દાન નહી**

ગાંધીનગર, તા. ૨૦

ભારતીય જનતા પાર્ટીને છેલ્લા પાંચ વર્ષમાં ૨૧૮૬ દાતાઓ થકી રૂ. ૮૦.૪૫ કરોડનું જ્યારે કોંગ્રેસને ૫૩ દાતાઓ પાસેથી રૂ. ૧૪.૦૯ કરોડનું દાન પ્રાપ્ત થયું છે. લોક પ્રતિનિધિત્વધારાની કલમ ૨૯-સી અંતર્ગત તમામ રાજકીય પક્ષોએ રૂ. ૨૦ હજારથી વધુની રકમના દરેક દાનની વિગત ચૂંટણી પંચને ફરજિયાત આપવાની વિગતોના આધારે પ્રાપ્ત માહિતી અનુસાર તમામ પક્ષોને કુલ રૂ. ૯૭.૫૫ કરોડનું દાન મળ્યું છે જેમાં ૧૯ ટકા દાન પાનકાર્ડ વગર મળવા પામ્યું છે.

ગુજરાતમાં હાલ વિધાનસભાની ચૂંટણીઓનો માહોલ જામી ચુક્યો છે અને આ ચૂંટણી જીતવા દરેક પક્ષ એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે. દરેક રાજકીય પક્ષો તેમના રોજબરોજના ખર્ચા માટે તથા ચૂંટણી લડવા માટે દાનની આવક પર નિર્ભર હોય છે જેમાં કોર્પોરેટ, વ્યક્તિગત અથવા ટ્રસ્ટ દ્વારા દાન પ્રાપ્ત થતુ હોય છે. ગુજરાતમાં સૌથી વધુ ટોરેન્ટ પાવર દ્વારા ભાજપને રૂ. ૧૩.૬૨ કરોડનું જ્યારે કોંગ્રેસને રૂ. ૫.૫૦ કરોડનું દાન આપવામાં આવ્યું છે. જ્યારે સીપીએમ અને બીએસપીને છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતમાંથી કોઈ દાન પ્રાપ્ત થઈ શક્યુ નથી જ્યારે સીપીઆઈ પાર્ટીને

● અનુસંધાન પાન-૫ પર

### સૌથી વધુ દાન વર્ષ ૨૦૧૨-૧૩માં અપાયું

વર્ષ ૨૦૧૨-૧૩માં રાજકીય પક્ષોને ૧૭૧૨ દાતાઓએ મળીને કુલ રૂ. ૪૫.૩૩ કરોડનું દાન આપ્યું હતું. જેમાં ભાજપને રૂ. ૩૮.૮૭ કરોડ, કોંગ્રેસને ૬.૪૫ કરોડ પ્રાપ્ત થયું હતું. વર્ષ ૨૦૧૧-૧૨માં રાજકીય પક્ષોને સૌથી ઓછુ દાન અપાયુ હતુ. જેમાં ૫૨ દાતાઓએ રૂ. ૧.૩૦ કરોડનું દાન આપ્યુ હતુ. જેમાંથી રૂ. ૯૨ લાખ તો માત્ર ભાજપને જ મળ્યા હતા.

### સૌથી વધુ દાન આપનાર દાતાઓ

| ભાજપ | | કોંગ્રેસ | |
|---|---|---|---|
| ટોરેન્ટ પાવર | ૧૩.૬૨ કરોડ | ટોરેન્ટ પાવર | ૫.૫૦ કરોડ |
| ટોરેન્ટ ફાર્મા | ૯ કરોડ | ટોરેન્ટ ફાર્મા | ૩.૫૦ કરોડ |
| કેડીલા હેલ્થકેર | ૨.૬૦ કરોડ | કેડીલા હેલ્થકેર | ૧ કરોડ |
| ઝાયડ્સ હેલ્થકેર | ૨.૧૦ કરોડ | ડાયઝસ હેલ્થકેર | ૧ કરોડ |
| આરએસપીએલ | ૨ કરોડ | નિરમા કેમિકલ | ૫૦ લાખ |

# જિલ્લાની પાંચેય બેઠકો પર હજુ રહસ્ય અકબંધ

**રાજકીય પક્ષો હજુ લેશનમાં લાગ્યા છે...!! : જ્ઞાતિવાદ, આંદોલન, રીપીટ કે નો-રીપીટ થિયરી વચ્ચે નવા ચહેરાઓ સામે આવે તેવી પ્રબળ સંભાવના વચ્ચે ટીકીટને અનુલક્ષી રાજકીય ઉત્તેજના પ્રબળ : ટીકિટની આશ લગાવી બેઠેલા મુરતિયાઓમાં પણ ચિંતા**

ગાંધીનગર તા ૨૦

વિધાનસભાની ચુંટણીને અનુલક્ષી ભાજપ અને કોંગ્રેસ તબક્કવાર ઉમેદવારાની યાદી જાહેર કરતા એકબાજુ વિરોધના વંટોળ વચ્ચે નવા રાજકીય સમીકરણો મંડરાઈ રહયા છે. બીજીતરફ ચુંટણી જંગ માટે હાઈપ્રોફાઈલ ગણાતી ગાંધીનગર જિલ્લાની પાંચ બેઠકો પૈકી કોઈ ઉમેદવારની સત્તાવાર જાહેરાત હજુ સુધી થઈ નથી. એક માત્ર માણસા બેઠક પરથી અમિત ચૌધરીનુ નામ આખરી થયુ છે. જયારે જિલ્લાની પાંચ બેઠક માટે બન્ને પક્ષે હજુ સુધી એક પણ નામ જાહેર થયા નથી. કુલ ૯ ઉમેદવારોના નામો આડે હજુ પડદો પડેલો છે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષ માટે આ બેઠકોના નામો નક્કી કરવાનુ પણ કપરા ચઢાણ સમાન બન્યુ છે. જ્ઞાતિવાદના સમીકરણોને સેટ કરવા માટે રાજકીય ગુંચ ઉભી થઈ હોવાનુ પણ રાજકીય વિશ્લેષકો માની રહયા છે. ચુંટણીને અનુલક્ષી ભાજપે ત્રણ યાદી જાહેર કરી દીધી છે. જયારે કોંગ્રેસે પણ ૭૭ ઉમેદવારોની યાદી જારી કર્યા બાદ પણ ગાંધીનગરની બેઠકો પરનુ રહસ્ય અકબંધ છે. સોમવાર સાંજ સુધી પણ જિલ્લાની એક પણ બેઠકમાં

● અનુસંધાન પાન-૫ પર




# જિલ્લાની પાંચ બેઠકો માટે ૭૩ ઉમેદવારીપત્રો ઉપડ્યા

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં આજે પાંચ વિધાનસભા બેઠકમ માટે ૭૩ ઉમેદવારીપત્રકો ઉમેદવારો દ્વારા લઈ જવામાં આવ્યા છે.

જિલ્લામાં સૌથી વધુ ઉમેદવારીપત્રોનો ઉપાડ માણસા વિધાનસભા બેઠક પર જણાયો છે. આ બેઠક માટે આજે ૩૦ જેટલા ફોર્મ ગયા હતા. જ્યારે કલોલ અને ગાંધીનગર (ઉ) બેઠક માટે ૧૨-૧૨ ઉમેદવારીપત્રો ગયા છે. ગાંધીનગર (દ) બેઠક માટે ૧૧ અને દહેગામ બેઠક માટે ૮ ઉમેદવારીપત્રો ગયા છે.

જિલ્લામાં સામાન્ય ચૂંટણી અંગેની નોટીસ પ્રસિદ્ધ થતાં જ ટિકિટ વાંચ્છુઓ અને સમર્થકોની બેઠકોનો દોર આરંભાયો છે એટલું જ નહિ ધીમી ગતિએ રાજકીય માહોલ પણ ગરમાવો પકડી રહ્યો છે.

ભાજપ-કોંગ્રેસ જે મુખ્ય સ્પર્ધક ગણાય છે તેમણે હજુ ઉમેદવારોના નામ જાહેર કર્યા નથી. આમ આદમી પાર્ટીએ ગાંધીનગર (ઉ) બેઠક પર તેના ઉમેદવારના નામની જાહેરાત કરી દીધી છે જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ ૨૭ નવેમ્બર છે. આજે જિલ્લામાં ૩૫૦ જેટલા સ્થાનો પર સામાન્ય ચૂંટણી અંગેની નોટીસો પ્રસિદ્ધ કરી દેવામાં આવી છે.

**જોઈએ છે**

(૧) કોઈપણ ટ્રેડના ડિપ્લોમા એન્જિનિયર
કામની જગ્યા : અમદાવાદ અથવા ગાંધીનગર
પગાર : રૂ. ૧૦,૦૦૦ થી ૧૫,૦૦૦

(૨) MBA ફાઈનાન્સ ટેલીના જાણકાર
પગાર : રૂ. ૧૫,૦૦૦/-

બાયોડેટા ઈમેલ કરો
bb.chavda@yahooo.com
Mo. 97129 75136

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ** ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com